જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૪/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૯૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૧૩ લીટર દેશી દારૂ, ૧૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૫ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૮,૭૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૯૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૪૯૭/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ સુરેશભાઇ ચીમનલાલ સુથાર (રહે, રોયલ લેક વ્યુ સોસાયટી રોયલ હાઇટ્સ સોસાયટીની સામે ગોતા સ્મશાનની બાજુમા ગોતા) એ તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૪/૨૦૨૬ રાતના ૧૦/૦૦ થી તા.૦૪/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ગોતા, રોયલ લેક વ્યુ સોસાયટી ગેટની બહાર પાર્ક કરેલ પોતાની મહેન્દ્રા એન્ડ મહેન્દ્રા લીમીટેડ કંપનીની SCORPIO CLASSIC S11 MT 7S CC મોડલની કાર કિંમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦/– મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૪૯૮/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ શારદાબહેન અમૃતભાઇ પ્રજાપતી (ઉ.વ.૬૩)(રહે.શાંતીનગર ટીંબલીયાવાસ બહુચરમાતા ના મંદીર પાસે ચાંદલોડીયા) તા.૨૯/૦૩/૨૦૨૬ સવારના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ચા બનાવવા જતા હતા ત્યારે રાંધણગેસનો બાટલો લીકેજ હોવાથી આગ લાગતા, શારદાબહેન શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમને સારવાર અર્થે ભીમજીપુરા અર્હમ આઇ.સી.યુ.એન્ડ ટ્રોમા સેન્ટર હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૪/૨૦૨૬ બપોરના ૧/૫૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ભુવા ચલાવે છે.

નારણપુરાઃ નારણપુરા ચામુંડાનગરના છાપરાંમાં રહેતા અને મજુરી કામ કરતા રાજુ હકરાજી મનાત (ઉ.વ.૩૦) (મુળ વતન. ગામ–રામપુર, તા.જી.–ડુંગરપુર રાજસ્થાન) તા.૩૧/૦૩/૨૦૨૬ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનમાં ગેસ લીકેજ થવાના કારણે અચાનક આગ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૦૪/૨૦૨૬ ના કલાક ૧/૫૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઇ.શ્રી સુરભિ હિતેન્દ્રકુમાર ચલાવે છે.

રિવરફ્રંટ ઈસ્ટઃ સમીર અમૃતભાઈ ચૌહાણ (ઉ.વ.૨૨) (રહે. વિરાભગતની ચાલી બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૨૦૨૬ સાંજના ૦૭/૩૦ વાગ્યાના સુમારે દુધેશ્વર મેલડી માતાના મંદિર પાસે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે નદીમાં પડતું મુકતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવબા ઈશ્વર ચલાવે છે.

નારોલઃ કાજલબહેન રવિભાઇ ઠાકોર (ઉ.વ.૨૮) (રહે. ગૌતમનગર ગુરુકૃપા રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૨૦૨૬ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી